ડે.ડે NEWS

તારીખ : 15/11/2026

સાવરકુંડલામાં શ્રી જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિની ભવ્ય ઉજવણી કરાશે

શ્રી જલારામ સત્સંગ મંડળ અને શ્રી લોહાણા મહાજન ટ્રસ્ટ દ્વારા વિવિધ ધાર્મિક કાર્યક્રમો, શોભાયાત્રા, અન્નકૂટ દર્શન અને સમૂહ ભોજનનું આયોજન

સાવરકુંડલા : સેવાભાવ, ભક્તિ અને માનવતાના પ્રતીક એવા રઘુવંશી સંત શિરોમણિ પરમ પૂજ્ય શ્રી જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિ નિમિત્તે સાવરકુંડલા શહેરમાં ભક્તિભાવપૂર્ણ માહોલ વચ્ચે ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી જલારામ સત્સંગ મંડળ – શ્રી જલારામ મંદિર તથા શ્રી લોહાણા મહાજન ટ્રસ્ટ, સાવરકુંડલા દ્વારા વિવિધ ધાર્મિક, સામાજિક અને સેવાકીય કાર્યક્રમો યોજાશે.



આ ઉજવણી સોમવાર, તા. ૧૬ નવેમ્બર, ૨૦૨૬ના રોજ કરવામાં આવશે. મહોત્સવ અંતર્ગત વહેલી સવારથી જલારામ બાપાની પૂજા-અર્ચના, આરતી, ધ્વજારોહણ, શોભાયાત્રા, અન્નકૂટ દર્શન, સંતવાણી સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાશે.

ધાર્મિક કાર્યક્રમોની રૂપરેખા

શ્રી જલારામ સત્સંગ મંડળ દ્વારા આયોજિત કાર્યક્રમોની શરૂઆત સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતીથી થશે. ત્યારબાદ સવારે ૭:૦૦ કલાકે પૂજન-અર્ચન, સવારે ૮:૦૦ કલાકે ધ્વજારોહણ અને સવારે ૯:૦૦ કલાકે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. બપોરે ૧૨:૨૦ કલાકે રાજભોગ આરતી અને બપોરે ૧:૦૦ કલાકે સંત ભોજન યોજાશે.સાંજે ૫:૦૦થી ૮:૦૦ કલાક દરમિયાન અન્નકૂટ દર્શનનો લાભ ભાવિકોને મળશે. સાંજે ૬:૩૦ કલાકે સાંજની આરતી અને રાત્રે ૧૦:૦૦ કલાકે સંતવાણીનો ધાર્મિક કાર્યક્રમ યોજાશે.

આ ઉપરાંત જલારામ મંદિર ખાતે સંત ભોજન પ્રસાદી, અન્નકૂટ તથા શોભાયાત્રામાં પ્રસાદ વિતરણની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.સમાજના પરિવારો માટે સમૂહ ભોજન પ્રસાદનું આયોજનશ્રી લોહાણા મહાજન ટ્રસ્ટ, સાવરકુંડલા તથા સંલગ્ન સંસ્થાઓ દ્વારા શ્રી જલારામ બાપાની ૨૨૭મી પ્રાગટ્ય જયંતિ નિમિત્તે સમાજની પરંપરા મુજબ રઘુવંશી સમૂહ જ્ઞાતિ ભોજનનું આયોજન કરવામાં આવ્યું છે. સોમવાર, તા. ૧૬ નવેમ્બરના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે તથા સાંજે ૭:૩૦ કલાકે ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે સાવરકુંડલા શહેરના તમામ રઘુવંશી પરિવારોને સહપરિવાર ઉપસ્થિત રહી ભોજન પ્રસાદનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ કાર્યક્રમ શ્રી લોહાણા મહાજન વાડી, નદી કાંઠે, સાવરકુંડલા ખાતે યોજાશે.

શ્રી લોહાણા મહાજન ટ્રસ્ટ દ્વારા નૂતન વર્ષ નિમિત્તે સમાજના તમામ પરિવારોને સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સ્વસ્થ જીવનની મંગલકામનાઓ પણ પાઠવવામાં આવી છે. નૂતન વર્ષના મંગલ પ્રસંગને શ્રી જલારામ બાપાની જન્મજયંતિ મહોત્સવ સાથે જોડીને સમાજમાં એકતા, ભાઈચારો અને સેવાભાવની ભાવનાને વધુ મજબૂત બનાવવાનો સુંદર પ્રયાસ કરવામાં આવ્યો છે.

આ સમગ્ર મહોત્સવમાં સાવરકુંડલા શહેરના તમામ ભાવિક ભક્તો, રઘુવંશી સમાજના પરિવારો તથા ધર્મપ્રેમી નાગરિકોને સહપરિવાર ઉપસ્થિત રહી વિવિધ ધાર્મિક કાર્યક્રમો અને ભોજન પ્રસાદનો લાભ લેવા આયોજકો દ્વારા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

જય જલારામ... જય જલારામ...

કે.કે. NEWS

તારીખ : 15/11/2026

સમસ્ત ગોહિલ પરિવાર દ્વારા શ્રી ચામુંડા માતાજીના ૨૪ કલાકના નવરંગા માંડવાના ધાર્મિક મહોત્સવનું ભવ્ય આયોજન



ગોહિલ પરિવાર દ્વારા કુળદેવી શ્રી ચામુંડા માતાજી પ્રત્યેની અખૂટ શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે ૨૪ કલાકના નવરંગા માંડવાના ધાર્મિક મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.સમસ્ત ગોહિલ પરિવારના યજમાનપદે યોજાનારા આ ધાર્મિક પ્રસંગમાં માતાજીના ભક્તો, પરિવારજનો તેમજ ધર્મપ્રેમી જનતાને ભાવભેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. માતાજીના આશીર્વાદ પ્રાપ્ત થાય અને સમગ્ર પરિવારનું સુખ, શાંતિ તથા સમૃદ્ધિ જળવાઈ રહે તેવા પવિત્ર હેતુથી આ મહોત્સવનું આયોજન કરાયું છે.આ પ્રસંગે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં થાળડી સ્થાપન મુહૂર્ત, માતાજીના સમૈયા, મહાપ્રસાદ તેમજ થાળડી વળાવવાના ધાર્મિક પ્રસંગો યોજાશે.કાર્યક્રમ મુજબ તા. ૧૬ નવેમ્બરના રોજ સવારે ૭:૩૦ કલાકે થાંભલી રોપવાનું મુહૂર્ત, ૮:૩૦ કલાકે માતાજી ના સામૈયા, બપોરે ૧૧:૩૦ કલાકે મહા પ્રસાદ અને તા. ૧૭ નવેમ્બર સવારે ૭:૩૦ કલાકે થાભળી વધાવવાનું મુહૂર્ત છે.આ સમગ્ર ધાર્મિક મહોત્સવમાં કુળ ના રાખડીબંધ ભુવા શ્રી અરજણ ભાઈ બચુભાઈ ગોહિલ , કુળ ના પઢિયાર ભુવા શ્રી શંભુભાઈ બચુભાઈ ગોહિલ, દિવસના રાવળદેવ ભાવેશભાઈ (રાજાવદર વાળા) તથા રાત્રિના રાવળદેવ નાગજીભાઈ (નિંગાળા વાળા તેમજ તેમનો સ્ટાફ) સહિતના ધાર્મિક આગેવાનો અને કલાકારો ઉપસ્થિત રહી ધાર્મિક વાતાવરણને ભક્તિમય બનાવશે.આ કાર્યક્રમના આયોજક સમસ્ત ગોહિલ પરિવાર દ્વારા તમામ સમાજબંધુઓ, સગાંસંબંધીઓ અને ધર્મપ્રેમી જનતાને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી માતાજીના દર્શન તથા પ્રસાદનો લાભ લેવા ભાવભર્યું જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે

તારીખ : 15/11/2026

લીલીયા તાલુકાના સલડી ગામે ૩. ૨.૮૬ કરોડના ખર્ચે સાકાર થશે નાની સિંચાઈ યોજના



અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના સલડી ગામે ૩. ૨.૮૬ કરોડના ખર્ચે નિર્માણ પામનાર સલડી નાની સિંચાઈ યોજનાના ભૂમિપૂજન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્ય સરકારના મંત્રીશ્રી કૌશિકભાઈ વેકરિયા, સાંસદશ્રી ભરતભાઈ સુતરીયા, સાવરકુંડલા-લીલીયા વિસ્તારના ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા તથા જિલ્લા પંચાયતનાં પ્રમુખશ્રી દક્ષાબેન ચોરવડિયા સહિત રાજકીય અને સામાજિક આગેવાનો, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, ગ્રામજનો તેમજ ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.આ સિંચાઈ યોજના પૂર્ણ થતાં સલડી ગામ સહિત આસપાસના વિસ્તારના ખેડૂતોને ખેતી માટે સિંચાઈનું પાણી ઉપલબ્ધ કરાવવામાં મહત્વપૂર્ણ મદદ મળશે. પાણીની ઉપલબ્ધતા વધવાથી ખેતીને વધુ વેગ મળશે તેમજ કૃષિ ક્ષેત્રની સમૃદ્ધિમાં પણ વધારો થશે.ખેડૂતોને સિંચાઈની સુવિધા ઉપલબ્ધ કરાવી કૃષિ વિકાસને પ્રોત્સાહન આપવાની દિશામાં ૩. ૨.૮૬ કરોડની આ યોજના વિસ્તાર માટે ઉપયોગી સાબિત થશે. આ યોજનાના ભૂમિપૂજન પ્રસંગે ગ્રામજનોમાં પણ આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.



નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 15/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

માલામાલ કુપન સાથે એક સ્ક્રેપ કુપન "ફ્રી"

ડબલ ધમાકા કાર ઓફર-૨૦૨૭





















T & C APPLY*

કુલ ઈનામો ૫૫૧

₹ ૭૫૦૦ 'ફ્રી' ખરીદી પર એક માલામાલ કુપન

તા. ૧૬-૦૭-૨૦૨૬ થી તા. ૩૧-૧૨-૨૦૨૬ સુધી માન્ય...

તો રાહ કોની જુઓ છો ?? ચમકાવો નસીબ અને બનો માલામાલ !!!

સોનિક® જ્વેલર્સ લી.

હવેલી શેરી, સાવરકુંડલા. ફોન : ૨૨૩૨૯૦, મો. ૬૩૫૪૧ ૦૯૪૦૮

કે.ડી NEWS

તારીખ : 15/11/2026

શ્રી મહાપ્રભુજી બેઠકજી ટ્રસ્ટ સાવરકુંડલા

આપશ્રી ની આજ્ઞા મુજબ આજરોજ લાભ પાંચમ શનિવારે તારીખ 14 11 26 ના રોજ શ્રી ગોવર્ધનનાથજી પ્રભુ ના દ્વિતીય પાટોત્સવ ધામધૂમથી અલૌકિક રીતે ઉજવવામાં આવેલ

પુજ્ય પાદ ગૌસ્વામી ૧૦૮ શ્રી અનુગ્રહ કુમારજી મહોદય પધારેલા, પ્રથમ વૈષ્ણવો ને બહ્મસંબંધ દીક્ષા ગ્રહણ કરાવેલ, આજરોજ શ્રી ગોવર્ધનનાથજી પ્રભુ ના પાટોત્સવ નિમિત્તે પલના નંદ મહોત્સવ મનોરથ હોય જેમાં આપશ્રી એ તથા સાવરકુંડલા, કાત્રોડી, ઓળીયા,બાઢડા,સુરજવડી, કિર્તન કાર ભાઈઓ અને બહેનો એ અતિ ભાવપુવક ગાન કરી પ્રભુ ને તથા વૈષ્ણવો કિર્તન ગાન થી રસ તરબોળ થઈ ગયા હતા, ત્યારબાદ આપશ્રી એ પાટોત્સવ નિમિત્તે રાજભોગ તિલક આરતી દર્શન કરાવેલ, ત્યાર બાદ વૈષ્ણવો ને આપશ્રી ના ચરણસ્પર્શ નો લાભ મળેલ હતો,આ ઉત્સવ ના મુખ્ય મનોરથી શ્રી બાલમુકુન્દ જ્વેલર્સ અમરેલી તથા પોપટલાલ કાનજીભાઈ વસાણી અમરેલી વિઠ્ઠલદાસ પોપટલાલ વસાણી ના પરિવાર વિજયભાઈ, પ્રદિપભાઈ અતુલભાઈ રાકેશભાઈ થયેલ પલના નંદ મહોત્સવ ના મનોરથી આર વી એન્ડ કંપની હસ્તે જગદીશભાઈ તથા મનીષભાઈ તેમજ જે પી ગોળ વાળા હસ્તે જીતુભાઈ સોમૈયા સાવરકુંડલા અમરેલી વાળા થયેલ કાર્ડ મનોરથી બાલમુકુન્દ જ્વેલર્સ અમરેલી , શાકભાજી મનોરથી મયુરભાઈ માધવાણી તથા સીતારામ એન્ડ કંપની હસ્તે મહેશભાઈ સોજીત્રા વીપુલભાઈ સોજીત્રા ને કમલેશ ભાઈ નાકરાણી થયેલછાશના કાયમી મનોરથી સોનીક જ્વેલર્સ સાવરકુંડલા જલ ના કાયમી મનોરથી મુકેશભાઈ ઈલોરા કોલ્ડીકસ થયેલ , સાથોસાથ સામગ્રી મનોરથી સહ મનોરથી ના સાથ સહકાર થી આનંદ પુર્વક ઉત્સવ સંપન્ન થયેલ હતો વિશેષ ઉપસ્થિત રહેલ નયનાબેન કાપડીયા સાવરકુંડલા નગરપાલિકા પ્રમુખ શ્રી તથા નુતનબેન તન્ના ઉપ પ્રમુખ શ્રી સાવરકુંડલા નગરપાલિકા ,માજી નગરપાલિકા પ્રમુખ શ્રી કુંદનબેન અઢિયા, અમારા ૧૦૮ સમાન રાજુભાઈ શીંગાળા હાજરી આપેલ,હાજર રહેલા તમામ વૈષ્ણવો તેમજ ગામમાંથી બહારગામ થી આમંત્રિત વૈષ્ણવો એ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ ઉત્સવ નો તથા પ્રસાદી નો લાભ લીધેલ હતો આ ઉત્સવ માં મહિલા મંડળ તથા કમિટીના ભાઈઓ કનુભાઈ મિસ્ત્રી, રસીકભાઈ ચુડાસમા, અશોકભાઈ મકવાણા, બાબુભાઈ કાલાવડીયા, રાજુભાઈ જોષી,ભોલુ ભાઈ સોલંકી,સુધીર મણીયાર, મનસુખલાલ ડોડીયા સૌના સાથ સહકાર થી આજનો ઉત્સવ અતી આનંદ પુર્વક સંપન્ન થયેલ હતો વિજયભાઈ વસાણી ની યાદી જણાવે છે સૌનો દરેક નો હૃદય પુર્વક આભાર માન્યો હતો શ્રી વલભાધીશ કી જય

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 15/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

ન્યાય માં વિશ્વાસ ની જીત

એડવોકેટ અશોકભાઈ સોસાને હાર્દિક અભિનંદન





અમારા hdfc બેન્ક ના એકાઉન્ટ માં એક ગ્રાહક દ્વારા રૂા. 6,000 નો માસિક હપ્તો આવેલ આ ગ્રાહક પાસે આ રકમ સાયબર ફોડ દ્વારા આવેલ હોય તેના કારણે બેંક દ્વારા અમારું આખું એકાઉન્ટ બ્લોક કરવામાં આવેલ આ કાઈમ તેલંગણા રાજ્યના રાચાકાંડા જિલ્લાનો હતો એકાઉન્ટ બ્લોક થવાના કારણે અમારે મોટી રકમ બ્લોક થયેલ..

આ ઘટનામાં hdfc બેંકના શાખા મેનેજર દ્વારા અમને કોઈ સહકાર મળેલ નહી બેંકના જુના અને વિશ્વાસુ ગ્રાહક હોવા છતાં કેસ સંબંધિત દરેક પેપર અમારે લેખિત અને ઘણી જ મૌખિક રજૂઆત કર્યા બાદ મેળવવા પડ્યા

આ બેંક સામે નામદાર કોર્ટ સમક્ષ કાનૂની લડત લડવી પડી નામદાર એડિશનલ ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટ સાવરકુંડલાના માનનીય ન્યાયાધીશ શ્રી પઠાણ સાહેબ દ્વારા અમારું એકાઉન્ટ ડી ફ્રીઝ કરવાના હુકમ ફરવામાં આવેલ આવો ન્યાય પૂર્ણ હુકમ પ્રશંસનીય અને આવકારદાયક છે

અમારા આ કેસ દરમિયાન અમારા કાનૂની સલાહકાર શ્રી અશોકભાઈ સોસા રહેલ વકીલ તરીકે તેમના જ્ઞાન આવડત અને ધીરજ ને ખરેખર ધન્યવાદ છે

અશોકભાઈ સોસાને ખુબ ખુબ અભિનંદન

Accurate Top In Town

લી.પૂજન રાજુભાઈ દોશી

Accurate Top In Town

તારીખ : 15/11/2026

ભગવાન બિરસા મુંડાની 151મી જન્મજયંતીએ આજે રાજ્યભરમાં 'રાષ્ટ્રીય જનજાતીય ગૌરવ દિવસ'ની ભવ્ય ઉજવણી





ગુજરાતમાં ભગવાન બિરસા મુંડાની 151મી જન્મજયંતી નિમિત્તે આજે તા. 15 નવેમ્બરના રોજ 'રાષ્ટ્રીય જનજાતીય ગૌરવ દિવસ'ની રાજ્યવ્યાપી ઉજવણી કરવામાં આવી રહી છે. આદિવાસી સમાજના ગૌરવ, સંસ્કૃતિ, પરંપરા અને સ્વાતંત્ર્ય સંગ્રામમાં તેમના અમૂલ્ય યોગદાનને યાદ કરવાના હેતુથી રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.રાજ્યના આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે યોજાયેલી રાજ્ય કક્ષાની પત્રકાર પરિષદમાં આ ઉજવણીની વિગતો આપવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી ગણપતભાઈ વસાવા, રાજ્યમંત્રીશ્રીઓ પી.સી. બરંડા, ડૉ. જયરામભાઈ ગામીત, શ્રી રમેશભાઈ કટારા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ભગવાન બિરસા મુંડાના અમૂલ્ય યોગદાનને સન્માન આપવા માનનીય વડાપ્રધાનશ્રીએ 15 નવેમ્બરને 'જનજાતીય ગૌરવ દિવસ' તરીકે જાહેર કરીને ઐતિહાસિક સન્માન આપ્યું છે.આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી સહિત મંત્રીશ્રીઓની ઉપસ્થિતિમાં યોજાનારા રાજ્ય કક્ષાના કાર્યક્રમ અંતર્ગત ગુજરાતમાં રૂ. 2,300 કરોડથી વધુના વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે.તા. 12થી 18 નવેમ્બર દરમિયાન રાજ્યના 14 આદિજાતિ જિલ્લાઓની 55 વિધાનસભા બેઠકો સહિત 34 જિલ્લાઓ અને 17 મહાનગરપાલિકાઓમાં સપ્તાહવ્યાપી કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આદિજાતિ વિસ્તારોના હાટ બજારોમાં 'શબરી બૂથ' દ્વારા આદિજાતિ વિકાસલક્ષી યોજનાઓની માહિતીનું વિતરણ કરવામાં આવશે. સાથે જ રાજ્યના 14 આદિજાતિ જિલ્લાઓમાં 'જોહર કેફે' શરૂ કરવાની પણ પહેલ કરવામાં આવી છે.ભગવાન બિરસા મુંડાની જન્મજયંતીની આ ઉજવણી માત્ર એક મહાન સ્વાતંત્ર્ય સેનાનીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનો અવસર નથી, પરંતુ આદિવાસી સમાજના ગૌરવશાળી ઈતિહાસ, અસ્મિતા, સંસ્કૃતિ અને વિકાસના સંકલ્પને વધુ મજબૂત બનાવવાનો પ્રેરણાદાયી અવસર પણ બની રહેશે.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 15/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...





Organised by:
HEADWAY BUSINESS SOLUTIONS LLP
Solution@100%

www.headway.guru

908 124 1916

"SUVARNA SAUBHAGYA UTSAV – SAMRUDDHI MAHOTSAV"®

SUVARNA SAUBHAGYA UTSAV











અરે... વાહ...

૯,૯૯૯ સુધી

કરોડોની કિંમતના ઈનામો!

હા, સાચું વાંચ્યું.

તે પણ માત્ર ₹ ૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી કે એક્સચેન્જ પર*

તો રાહ કોની જુવો છો, ઘરેણાં સાથે ચમકાવો નસીબ

ઓફરઃ ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ થી ૨૫ ડિસેમ્બર ૨૦૨૬ સુધી જ લાગુ.

*શરતો લાગુ

GJ શ્રી ગોકુલ જ્વેલર્સ

હવેલી શેરી, સાવરકુંડલા. 222195 95373 12695

K.K. NEWS

તારીખ : 15/11/2026

'જય જલિયાણ, કર કલ્યાણ'ના ગગનભેદી નાદ સાથે

સાવરકુંડલા સહિત અમરેલી જિલ્લામાં જલારામબાપાની જન્મજયંતિની ભવ્ય ઉજવણી થશે



16 નવેમ્બર 2026 સોમવારના રોજ સંત શિરોમણી પૂજ્ય જલારામબાપાની ૨૨૭મી પ્રાગટ્ય જયંતિ નિમિત્તે અમરેલી જિલ્લામાં ભક્તિમય માહોલ વચ્ચે ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. અમરેલી લોહાણા સમાજ દ્વારા આ પાવન અવસરને યાદગાર બનાવવા તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. આગામી તા. ૧૬ નવેમ્બર, સોમવારના રોજ અમરેલી શહેરમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો, ભવ્ય શોભાયાત્રા, મહાઆરતી, અન્નકૂટ અને મહાપ્રસાદ સહિતના કાર્યક્રમો યોજાશે.આ ધાર્મિક મહોત્સવમાં માત્ર અમરેલી શહેર જ નહીં, પરંતુ *સાવરકુંડલા, લીલીયા, રાજુલા, જાફરાબાદ, બગસરા, બાબરા, ધારી, ચલાલા, ખાંભા, લાઠી, કુંકાવાવ-વડિયા* સહિત અમરેલી જિલ્લાના વિવિધ શહેરો, ગામડાઓ અને તાલુકાઓમાંથી મોટી સંખ્યામાં જલારામ ભક્તો, રઘુવંશી સમાજના ભાઈઓ-બહેનો તથા શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહી ધન્યતા અનુભવશે. પ્રાપ્ત વિગતો અનુસાર સોમવારે બપોરે 3:30 કલાકે અમરેલીના લીલીયા રોડ ઉપર આવેલા પૂજ્ય જલારામબાપાના મંદિરેથી ભવ્ય શોભાયાત્રાનો પ્રારંભ થશે. જેમાં બાળ જલારામ સ્વરૂપે સજ્જ બાળકો, કળશ કન્યાઓ, રઘુવંશી સમાજના અગ્રણીઓ તેમજ જલારામબાપાના ભક્તો મોટી સંખ્યામાં જોડાશે. શોભાયાત્રા શહેરના ભીડભંજન ચોક, ડો. જીવરાજ મહેતા ચોક, ટાવર ચોક અને હવેલી ચોક થઈ નાગનાથ મંદિર ચોક ખાતે પૂર્ણ થશે.ત્યારબાદ સાંજે ૭ કલાકે અમરેલીના લાઠી રોડ ઉપર આવેલી લોહાણા મહાજન વાડી સ્થિત પૂજ્ય જલારામ મંદિર ખાતે ભવ્ય મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું છે. સાથે જ અન્નકૂટ દર્શન અને ભાવિકો માટે મહાપ્રસાદ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાશે.પૂજ્ય જલારામબાપાના જીવનમાં રહેલી સેવા, સમર્પણ, પરોપકાર અને માનવતાની ભાવનાને વંદન કરતા આ પાવન અવસરે સમગ્ર અમરેલી જિલ્લો ભક્તિરસમાં રંગાશે. 'જય જલિયાણ, કર કલ્યાણ'ના ગગનભેદી નાદ સાથે જલારામબાપાની જન્મજયંતિની ભવ્ય ઉજવણી થશે. અમરેલી લોહાણા સમાજ દ્વારા જિલ્લાના તમામ જલારામ ભક્તો, રઘુવંશી સમાજના ભાઈઓ-બહેનો અને ધર્મપ્રેમી જનતાને આ ઉત્સવમાં મોટી સંખ્યામાં સહભાગી થવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. ત્યારે અમરેલી સહિત જિલ્લાના તાલુકાઓમાં અને ગામોમાં ભવ્ય અને દિવ્ય રીતે જલારામ જયંતીની ઉજવણી થશે. જલારામ બાપાના મંદિરોમાં મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહેશે અને જલારામ બાપાના ચરણોમાં વંદન કરી બધાની સુખાકારી માટે પ્રાર્થના કરશે.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 15/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

જય સ્વામિનારાયણ

ભાવભર્યું જાહેર આમંત્રણ

25 રજત જયંતિ મહોત્સવ

સાવરકુંડલા શ્રી સ્વામિનારાયણ મંદિરનાં

રજત જયંતી મહોત્સવ નિમિત્તે શ્રીમદ્ ભાગવત સપ્તાહ

ધર્મ, ભક્તિ અને સંસ્કૃતિનો મહાસંગમ

વક્તાશ્રી



પ.પુ.શા.સ્વા. નિર્લેપસ્વરૂપદાસજી
વેદાંતાચાર્ય, એમ.એ.
(વાત્સલ્ય ઈન્ટરનેશનલ સ્કુલ, બોરસદ)



સ.ગુ.શા.સ્વા. હરિપ્રકાશદાસજી
અથાણાવાળા - સાળંગપુર

સાવરકુંડલા શ્રી સ્વામિનારાયણ મંદિરના રજત જયંતી મહોત્સવ નિમિત્તે આયોજિત ભવ્ય શ્રીમદ્ ભાગવત સપ્તાહના પવિત્ર પ્રારંભે ભવ્ય પોથીયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

કથા સમય : સવારે ૮:૩૦ થી ૧૧:૩૦, બપોર પછી ૩:૩૦ થી ૬:૩૦ કલાકે

તા. ૧૫/૧૧/૨૦૨૬, રવિવારનાં કાર્યક્રમો

લોકડાયરો, સમય રાત્રે ૮:૩૦ કલાકથી

કલાકારશ્રી ગોપાલ સાધુ, હાસ્ય કલાકાર : મનસુખભાઈ વસોયા

ફુટનો અન્નકુટોત્સવ સવારે ૭:૩૦ કલાકે

આ પવિત્ર ધાર્મિક પ્રસંગે સાવરકુંડલા શહેર તથા આસપાસના તમામ સનાતની ધર્મપ્રેમી નગરજનો, ભક્તજનો, યુવાનો અને પરિવારજનોને ભાવભર્યું જાહેર આમંત્રણ છે.

આયોજક : શ્રી સ્વામિનારાયણ મંદિર, શિવાજીનગર, સાવરકુંડલા

ડે.ડી NEWS

તારીખ : 15/11/2026

Sunday Special...

આવજો વતને...! દિવાળીની મીઠી યાદો સાથે કર્મભૂમિ તરફ વળ્યા વતનપ્રેમીઓ



દિવાળીના પાવન પર્વ નિમિત્તે સાવરકુંડલા તાલુકાના અનેક ગામોમાં રોજગાર, વ્યવસાય અને અભ્યાસ અર્થે બહારગામ વસતા વતનીઓ પોતાના માદરે વતન પરત ફર્યા હતા. પરિવારજનો, સ્નેહીજનો અને મિત્રો સાથે દિવાળી, નૂતન વર્ષ, ભાઈબીજ સહિતના તહેવારોની ખુશીઓ માણી હતી. પરંપરાગત ઈંગોરિયાનું યુદ્ધ, સ્નેહમિલન અને હાસ્ય-આનંદની પળોએ તહેવારોના ઉત્સાહને બમણો બનાવ્યો હતો.વર્ષભર પોતાની કર્મભૂમિ પર જવાબદારીઓ નિભાવતા વતનીઓ માટે દિવાળીનો સમય એટલે વતનની માટીની મહેક, પરિવારનો પ્રેમ અને બાળપણની યાદોને ફરીથી જીવંત કરવાનો અવસર. ગામની શેરીઓ, મિત્રો સાથેની મુલાકાતો અને પરિવાર સાથે વિતાવેલી યાદગાર પળો હૃદયમાં સંઘરી હવે સૌ ફરી પોતાની કર્મભૂમિ તરફ પ્રયાણ કરી રહ્યા છે.વતન છોડતી વખતે આંખોમાં વિદાયની લાગણી, મનમાં પરિવારથી દૂર જવાનું દુઃખ અને હૃદયમાં ફરી મળવાની આશા સાથે સૌ એકબીજાને 'આવજો વતને...' કહી વિદાય લઈ રહ્યા છે.રોજીરોટીની શોધમાં ભલે માણસ દુનિયાના કોઈપણ ખૂણે પહોંચે, પરંતુ વતન અને પરિવાર સાથેનો સંબંધ ક્યારેય દૂર થતો નથી. દિવાળીની આ મીઠી યાદો અને સ્નેહની હૂંફ સાથે સૌને પોતાની કર્મભૂમિ પર સુખદ અને સુરક્ષિત પ્રવાસની શુભકામનાઓ... ફરી આવતા વર્ષે આજ રીતે વતનના આંગણે મળીએ!

તારીખ : 15/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



મધુરમ્ ડેન્ટલ ક્લિનિક

ડૉ. અનિતા વિ. તરસરીયા - B.D.S., ડેન્ટલ સર્જન

(સિવિલ હોસ્પિટલ, અમદાવાદ) Regd. No. A-11624

ઉપલબ્ધ સુવિધાઓ :-



ડિજિટલ X-ray (IOPA)



દાતના કલરનું ફીલીંગ



તૂટેલા દાંત બનાવવા



મૂળિયાની સારવાર



દાંતની ખોળ (કેપ,બ્રિજ) ફિક્સ દાંત



અડધુ મેટાલિક ચોકઠું



ફલેક્સિબલ ચોકઠું



ચોકઠું / બત્રીસી



સ્કુવાળા દાંત



મેટલ / ક્લિયર બ્રેસીસ



ટીથ અલાઈનર



ડેન્ટલ જ્વેલરી



દાંત પેઢાની સફાઈ



ટીથ વ્હાઈટનિંગ



મોઢાના કેન્સર તેમજ ન રૂજાતા ચાંદાની નિદાન



ડહાપણના દાંઢની સર્જરી



ડૉ. વડેરા સાહેબની હોસ્પિટલ સામે, મહુવા રોડ, સાવરકુંડલા

વધુ માહિતી માટે સંપર્ક : 94272 70655

તારીખ : 15/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

હૃદયપૂર્વક આભાર

વોર્ડ નં. ૩ ના પીપરવાડી વિસ્તારમાં છેલ્લા ૪૦ વર્ષ જૂનો ગટરનો ગંભીર પ્રશ્ન ઉકેલવા બદલ પીપરવાડીના તમામ રહીશોમાં અત્યંત આનંદ અને ઉત્સાહની લાગણી જોવા મળી રહી છે. ખાસ કરીને દિવાળીના તહેવારોમાં સુરતથી વતન આવતા પરિવારો અને રહીશોને પણ આ કામગીરીથી ઘણી મોટી રાહત થઈ છે.આ સુંદર અને લોકઉપયોગી વિકાસકાર્ય કરવા બદલ નીચે મુજબના તમામ પદાધિકારીઓ અને સદસ્યશ્રીઓનો પીપરવાડીના રહીશો વતી ખૂબ ખૂબ આભાર

ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાળા

પ્રમુખશ્રી નયનાબેન કાપડિયા

ઉપપ્રમુખશ્રી નૂતનબેન તન્ના

સદસ્યશ્રી ભીખાભાઈ જયાણી

સદસ્યશ્રી વિપુલભાઈ ઉનાવા

સદસ્યશ્રી હેતલબેન વાઘેલાઆપ સૌનો ફરી એકવાર ખૂબ ખૂબ આભાર!

કે.ડી NEWS

તારીખ : 15/11/2026

ભારતીય ટેનિસની સ્ટાર સાનિયા મિર્ઝાનો આજે જન્મદિવસ

15 નવેમ્બરના રોજ ભારતની જાણીતી ટેનિસ ખેલાડી અને આંતરરાષ્ટ્રીય સ્તરે દેશનું નામ રોશન કરનાર સાનિયા મિર્ઝાનો જન્મદિવસ છે. 15 નવેમ્બર, 1986ના રોજ મુંબઈમાં જન્મેલી સાનિયા મિર્ઝાએ પોતાની પ્રતિભા, મહેનત અને સંઘર્ષના બળે ટેનિસ જગતમાં આગવી ઓળખ ઊભી કરી છે.સાનિયા મિર્ઝા ભારતીય મહિલા ટેનિસનું ગૌરવ ગણાય છે. તેમણે પોતાની કારકિર્દી દરમિયાન અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સિદ્ધિઓ હાંસલ કરી છે. તેઓ છ વખતની ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન રહી ચૂક્યાં છે. ડબલ્સ ટેનિસમાં વિશ્વના પ્રથમ ક્રમાંક સુધી પહોંચીને તેમણે ભારતનું નામ વિશ્વભરમાં ગુંજતું કર્યું છે.તેમની સફળતાની સફર યુવા પેઢી, ખાસ કરીને દીકરીઓ માટે આત્મવિશ્વાસ, હિંમત અને સતત મહેનતની પ્રેરણારૂપ બની રહી છે.



ભાવ વધે તે પહેલા આજેજ ખરીદી કરવા પધારો....

બ્રાન્ડેડ A4 પેપર

₹185 શ્રી શરૂ

SINCE 1923
KD
NEWS PAPER

દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ,
સાવરકુંડલા મો. 9499797973

તારીખ : 15/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

મકાન વેચાણથી આપવાનું છે.

હિરાના કારખાના અથવા કોલ્ડ સ્ટોરેજ ગોડાઉન કે કાંટા ઉદ્યોગ માટે ઉપયોગી વાળુ માળ વાળુ ઓફીસ પાર્કીંગ, પાણીની ફુલ સગવડતા 18 HP GEB કનેકશન દસ્તાવેજવાળું મકાન વેચવાનું છે.


સ્થળ : ઝીંઝુડા ગેઇટ, ગોંદરા પાસે, પાણીના ટાંકા પાછળ, સાવરકુંડલા

મો. 9824944022 / 9426837734

કે.કે NEWS

તારીખ : 15/11/2026

બાળશિક્ષણના પ્રણેતા, ‘મૂછાળી મા’ ગિજુભાઈ બધેકાની આજે જન્મજયંતી



ગિજુભાઈ બધેકા ગુજરાતી સાહિત્ય પરિષદ

ભારતના બાળશિક્ષણ ક્ષેત્રે ક્રાંતિકારી પરિવર્તન લાવનાર, બાળમાનસના ઉત્તમ પારખુ અને બાળકોના લાડકા શિક્ષણવિદ્ ગિજુભાઈ બધેકાની આજે ૧૫ નવેમ્બરના રોજ જન્મજયંતી નિમિત્તે ભાવભીની વંદના.અમરેલી જિલ્લાના ચિત્તળ ગામની ધરતી પર ૧૫ નવેમ્બર, ૧૮૮૫ના રોજ જન્મેલા ગિજુભાઈ બધેકાનું મૂળ નામ ગિરજાશંકર હતું. તેમણે શિક્ષણક્ષેત્રે અનોખું પ્રદાન કરીને બાળકોના સર્વાંગી વિકાસ, સર્જનાત્મકતા અને આનંદમય શિક્ષણને વિશેષ મહત્ત્વ આપ્યું હતું. બાળકો પ્રત્યેના અખૂટ પ્રેમ અને માતૃત્વસભર લાગણીને કારણે તેઓ ‘મૂછાળી મા’ તરીકે લોકપ્રિય બન્યા હતા.તેમણે બાળશિક્ષણને માત્ર પુસ્તકિયા જ્ઞાન પૂરતું મર્યાદિત ન રાખતાં રમતગમત, વાર્તા, પ્રવૃત્તિ અને અનુભવો દ્વારા શિક્ષણ મેળવવાની નવી દિશા આપી હતી. ભાવનગરમાં દક્ષિણામૂર્તિ સંસ્થા સાથે જોડાઈ તેમણે બાળમંદિરની સ્થાપના કરી અને મોન્ટેસરી શિક્ષણપદ્ધતિના પ્રસાર-પ્રચારમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.તેમની કલમમાંથી સર્જાયેલી ‘દિવાસ્વપ્ન’ જેવી અમૂલ્ય કૃતિ આજે પણ શિક્ષકો, વાલીઓ અને શિક્ષણજગત માટે પ્રેરણાસ્ત્રોત બની રહી છે. તેમણે આશરે ૨૦૦ જેટલાં પુસ્તકોનું સર્જન કરીને ગુજરાતી બાળસાહિત્યને પણ સમૃદ્ધ બનાવ્યું હતું. વર્ષ ૧૯૩૦માં તેમને પ્રતિષ્ઠિત રણજિતરામ સુવર્ણચંદ્રકથી સન્માનિત કરવામાં આવ્યા હતા.આજે તેમના જન્મદિવસને ગુજરાતમાં ‘બાળવાર્તા દિવસ’ તરીકે પણ ઉજવવામાં આવે છે, જે તેમના બાળસાહિત્ય અને શિક્ષણક્ષેત્રે આપેલા અવિસ્મરણીય યોગદાનની ગૌરવગાથા છે.બાળકોના હૃદયમાં શિક્ષણનો આનંદ જગાવનાર અને શિક્ષકોને નવી દિશા ચીંધનાર મહાન કેળવણીકાર ગિજુભાઈ બધેકાને તેમની જન્મજયંતીએ શત શત વંદન.

તારીખ : 15/11/2026

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

રોડ ભાડે આપવાનો છે.

100 વાર જગ્યામાં

3 ફુટનું 8 હોર્સ પાવરનું કનેકશન પાણીના રીંગદાર સહિત, નેસડી રોડ, અંજની ઈન્ડસ્ટ્રીયલ

મો. 9429202220

9904423133

કે.ડી NEWS

તારીખ : 15/11/2026

નાગેશ્વર પાર્શ્વનાથ જૈન તીર્થ ખાતે પરમાત્માની ભવ્યાતિભવ્ય આંગી રચના સાથે રોશનીનો સુંદર શણગાર



રાજકોટ-જામનગર હાઈવે પર આવેલું સુપ્રસિદ્ધ શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ જૈન તીર્થ દિવાળીના પાવન પર્વ નિમિત્તે ભવ્ય સુશોભન અને આકર્ષક રોશનીથી ઝળહળી ઊઠ્યું હતું. તીર્થધામ ખાતે સમગ્ર પરિસરને સુંદર રીતે શણગારવામાં આવ્યો હતો. આ સાથે જ શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ દાદાની પરમાત્માની મનમોહક અને ભવ્યાતિભવ્ય આંગી રચના કરવામાં આવી હતી.તીર્થધામમાં બિરાજમાન મૂળનાયક શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ પ્રભુની અલૌકિક આંગીના દર્શન કરી શ્રદ્ધાળુઓ ભાવવિભોર બન્યા હતા. સાથે જ અન્ય જિનાલયોમાં બિરાજમાન પરમાત્માની સુંદર આંગીઓના દર્શનનો પણ ભક્તોએ લાભ લીધો હતો.દિવાળીના પાવન અવસરે ભક્તિ, શ્રદ્ધા અને આસ્થાના ત્રિવેણી સંગમ સમા આ શણગારથી સમગ્ર તીર્થધામમાં આધ્યાત્મિક અને ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું.

એ ગ્રેડ
કવોલીટીનાં
A4 પેકેટ

65 GSM
Rs. 185
મીનીમમ 10 પેકેટ

70 GSM
Rs. 205
મીનીમમ 10 પેકેટ

80 GSM
Rs. 315

તમામ
પેકેટો
હાજરમાં

SINCE 1923
KD
NEWS PAPER
દોશી કાંતિલાલ દલીચંદ
દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 15/11/2026

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

પરચુરણ કામ કરી શકે તેવા માણસની જરૂર છે.

શિવશક્તિ જ્વેલર્સ

હવેલી શેરી,સાવરકુંડલા

મો. 9428620519

તારીખ : 15/11/2026

બવાડી ગામના આરાધના ધામ ખાતે સાયબર સુરક્ષા અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ અને લીલીયા પોલીસ દ્વારા ગ્રામજનોને ઓનલાઈન છેતરપિંડીથી બચવા અંગે માર્ગદર્શન અપાયું





અમરેલી જિલ્લાના બવાડી ગામ ખાતે આવેલા આરાધના ધામમાં અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ તથા લીલીયા પોલીસ દ્વારા ગ્રામજનો માટે સાયબર સુરક્ષા જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.આ કાર્યક્રમ દરમિયાન પોલીસ અધિકારીઓ દ્વારા ગ્રામજનોને દિવસેને દિવસે વધી રહેલા ઓનલાઈન ફ્રોડ, સોશિયલ મીડિયા પર થતા ગુનાઓ, અજાણ્યા કોલ અને મેસેજ મારફતે થતી છેતરપિંડી તેમજ બેંકિંગ સંબંધિત સાયબર ગુનાઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.સાથે જ સોશિયલ મીડિયાનો સુરક્ષિત ઉપયોગ કરવા, અજાણી લિંક પર ક્લિક ન કરવા, OTP, બેંકિંગ વિગતો કે વ્યક્તિગત માહિતી કોઈની સાથે શેર ન કરવા સહિતની મહત્વપૂર્ણ સાવચેતીઓ સમજાવવામાં આવી હતી.આ ઉપરાંત ઓનલાઈન નાણાકીય છેતરપિંડીનો ભોગ બન્યા બાદ તાત્કાલિક સાયબર હેલ્પલાઈન નંબર 1930 પર સંપર્ક કરી ફરિયાદ નોંધાવવા અંગે પણ ગ્રામજનોને જાગૃત કરવામાં આવ્યા હતા.આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ગ્રામ્ય વિસ્તારના નાગરિકોમાં સાયબર ગુનાઓ પ્રત્યે જાગૃતિ લાવી તેમને ઓનલાઈન છેતરપિંડીથી સુરક્ષિત રાખવાનો તથા ડિજિટલ યુગમાં સાવચેતી અને સજાગતા સાથે ટેક્નોલોજીનો ઉપયોગ કરવા પ્રેરિત કરવાનો રહ્યો હતો.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 15/11/2026

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

મકાન વેચવાનું છે.

તળીનાકા કાઝીવાડમાં
ટોટલ 5 રૂમ ઉપર બે
રૂમ સંડાસ, બાથરૂમ
નીચે બે રૂમ સંડાસ બાથરૂમ,
ઓસરી વાળા પાણીની
ફુલ સગવડ ટાઈટલ કલીયર

મો. 9427244186 / 7777909638

કે.કે NEWS

તારીખ : 15/11/2026

અમરેલીમાં 18.2 ડિગ્રી સાથે ઠંડકનો ચમકારો : વહેલી સવાર અને મોડી રાત્રે ઠંડીનો અહેસાસ



અમરેલી સહિત સમગ્ર ગુજરાતમાં હવામાનમાં ધીમે ધીમે બદલાવ જોવા મળી રહ્યો છે. વહેલી સવાર અને મોડી રાત્રિના સમયે ઠંડકનો અહેસાસ થઈ રહ્યો છે, જેના પગલે શિયાળાની શરૂઆતના એંધાણ વર્તાઈ રહ્યા છે.ભારતીય હવામાન વિભાગના સત્તાવાર આંકડા મુજબ, 13 નવેમ્બરના રોજ અમરેલીમાં લઘુત્તમ તાપમાન 18.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે અમદાવાદમાં 18.3 ડિગ્રી, નલિયામાં 17.0 ડિગ્રી અને રાજકોટમાં 18.2 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. રાજ્યમાં સૌથી ઓછું 16.5 ડિગ્રી તાપમાન વડોદરામાં નોંધાયું હતું.હાલ બપોરના સમયે ગરમીનો અનુભવ થાય છે, જ્યારે વહેલી સવાર અને મોડી રાત્રે વાતાવરણમાં ઠંડક પ્રસરી રહી છે. હવામાન વિભાગના અનુમાન મુજબ આગામી દિવસોમાં લઘુત્તમ તાપમાનમાં ખાસ ફેરફાર થવાની શક્યતા નથી.અમરેલી જિલ્લામાં પણ બદલાતા હવામાનને પગલે લોકો ગરમ વસ્ત્રોનો ઉપયોગ કરતા જોવા મળી રહ્યા છે. આમ, દિવસ દરમિયાન ગરમી અને રાત્રિના સમયે ઠંડકના મિશ્ર અનુભવ વચ્ચે શિયાળાની મોસમનું આગમન ધીમે ધીમે અનુભવાઈ રહ્યું છે.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 15/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



- એનિવર્સરી કેક
- બેબીશાવર કેક
- સગાઈ કેક
- ફોન્ડન્ટ કેક
- મેક અપ કીટ કેક
- ફોટો કેક



અઢળક કેકની વેરાયટીઓ

New Collection

મેરેજ બોક્સ, ડ્રાયફ્રૂટ બોક્સ અને
રમકડાંની અવનવી વેરાયટી



અર્જન્ટ કેક
બનાવી આપવામાં આવશે.

બર્થ ડેકોરેશન,
બેબી શાવર ડેકોરેશન ની
તમામ આઈટમ મળશે..



તમને મળશે બધાથી અલગ અને તે પણ આપના બજેટમાં.

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં કેક તેમજ ડેકોરેશન સાયેનું એકમાત્ર વિશ્વાસપાત્ર સ્થળ

નારોલા

લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા | મો. 88667 59838

K.D NEWS

ના પ્લેટફોર્મ પર


જ્યાં રિલ્સ નહીં બ્રાન્ડ બને છે...


અને આપે છે

વ્યુઝની ગેરંટી અને સફળતાનો ભરોસો




















આજે જ સંપર્ક કરો

વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે

9724661561

તારીખ : 15/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :


કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

ગુરૂદેવ કહે છે...

“કેવી દયનીય મનોદશાના ભોગ બની બેઠા છીએ આપણે ? દવાખાનામાં જઈએ છીએ તો બીજાના નહીં, આપણા જ દર્દની પહેલા ફરીયાદ કરીએ છીએ અને રોજીંદા વ્યવહારમાં આપણે આપણાં નહીં, બીજાનાં જ દોષોની ચર્ચા કર્યા કરીએ છીએ. હજુ સુધી આપણે દોષમુક્ત નથી બની શકયા એનું આ પણ એક કારણ છે.”



આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ



નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 15/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
Year2026


Gurutattva

3577
15/11/2026
Sunday

❀ आत्मा ❀

जिवन मे आप "अकेले"
ही आये हो और अकेले
ही जाने वाले हो यह
सत्य है। इस लिये 30
मिनिट अकेले रहने का
अभ्यास करे।

श्रीवा/२-वामी
15/11/2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
Email : swamiji.office@gurutattva.org,
Telegram : t.me/ShreeShivkrupanandSwami Whatsapp : Shivkrupanand Swami

તારીખ : 15/11/2026

કે.ડી NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



ગલગલીયા

પત્નીઃ આજે રવિવાર છે, કંઈક કામ કરી લો!
પતિઃ અરે ભાગ્યવાન, આખું અઠવાડિયું કામ જ કરું છું!
પત્નીઃ તો આજે આરામ કરો.
પતિઃ એ જ તો કરું છું!
પત્નીઃ પણ પથારીમાં પડ્યા પડ્યા મોબાઈલમાં શું કરો છો?
પતિઃ રવિવારની રજાનો સદુપયોગ કરું છું, આવતા સોમવારની ચિંતા કરું છું!

શિક્ષકઃ કહો, દુનિયામાં સૌથી ઝડપથી શું ફેલાય છે?
વિદ્યાર્થીઃ રજા પડ્યાના સમાચાર!
શિક્ષકઃ શાબાશ! વિદ્યાર્થીઃ સાહેબ, એ તો શિક્ષક કરતાં પણ વહેલા ઘરે પહોંચી જાય!

મિત્રઃ તું રોજ સવારે વહેલો ઊઠે છે?
બીજો મિત્રઃ હા, રોજ એલાર્મ મૂકું છું!
મિત્રઃ તો પછી ઊઠે છે?
બીજો મિત્રઃ ના, એલાર્મને ઉઠાડીને પાછો સૂઈ જાઉં છું!

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 15/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

15 નવેમ્બર

મહત્વની ઘટનાઓ

૧૯૩૩ – થાઈલેન્ડમાં પ્રથમ ચૂંટણી યોજાઈ.

૧૯૮૯ – સચિન તેંડુલકરનો આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રવેશ.

૨૦૦૦ – ઝારખંડ સત્તાવાર રીતે ભારતનું ૨૮મું રાજ્ય બન્યું, તે દક્ષિણ બિહારના અઢાર જિલ્લાઓમાંથી રચાયું છે.

૨૦૦૬ – અલ ઝઝીરા (અંગ્રેજી) સમાચાર ચેનલની વિશ્વભરમાં શરૂઆત થઈ.

જન્મ

૧૮૭૫ – બિરસા મુંડા, ઝારખંડના સ્વાતંત્ર્ય સેનાની અને ક્રાંતિકારી. (અ. ૧૯૦૦)

૧૮૮૫ – ગિજુભાઈ બધેકા, ગુજરાતી સાહિત્યકાર અને કેળવણીકાર. (અ. ૧૯૩૯)

૧૯૦૩ – ભગવતી ચરણ વોહરા, ભારતીય ક્રાંતિકારી. (અ. ૧૯૩૦)

૧૯૩૯ – રાવજી પટેલ, ગુજરાતી સાહિત્યકાર, કવિ, વાર્તાકાર અને નવલકથાકાર. (અ. ૧૯૬૮)

૧૯૮૬ – સાનિયા મિર્ઝા, ભારતીય ટેનિસ ખેલાડી.

અવસાન

૧૯૧૭ – એમિલ દર્ખેમ, ફ્રેન્ચ સમાજશાસ્ત્રી (જ.૧૮૫૮)

૧૯૪૯ – નારાયણ આપ્ટે, ભારતીય કાર્યકર્તા, મહાત્મા ગાંધીના હત્યારા. (જ. ૧૯૧૧)

૧૯૪૯ – નથુરામ ગોડસે, મહાત્મા ગાંધીના હત્યારા. (જ. ૧૯૧૦)

૧૯૮૨ – વિનોબા ભાવે, ભારતીય ફિલસૂફ અને ગાંધીવાદી. (જ. ૧૮૯૫)

૨૦૧૫ – સઈદ જાફરી, ભારતીય-બ્રિટિશ અભિનેતા (જ. ૧૯૨૯)

તહેવારો અને ઉજવણીઓ

બાળ વાર્તા દિવસ (ગુજરાત)

તારીખ : 15/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

વ્યાપારી માટે




હોલસેલ ભાવે

નાની-મોટી

ચીઠ્ઠી બુક

વિદ્યાર્થીઓ માટે



૨૬ ચોપડા

તેમજ

લખવા માટેની કોરી પસ્તી

SINCE 1923 KD NEWS PAPER

દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 15/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



ફ્રેશ પસ્તી



સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

તારીખ : 15/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS


SINCE 1923
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

સાળંગપુરના આજના દર્શન



કે.ડી

NEWS

આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

કે.ડી ન્યૂઝ સાથે...



93K

60K

44K

100K

સંપર્ક : મો. 94997 97973